ાજ્ય લેખમાળા નં. ૧.

સ્વરાજ્ય શા માટે?

લેખક,

ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક.
બી એ. એલ એલ. બી.

હિન્દ-સ્વરાજ્ય-વિચાર પ્રચારક ફંડના
મુંબાઈના તંત્રીમંડલ તરફથી
પ્રસિદ્ધ કરનાર,
જમનાદાસ દ્વારકાદાસ, બી. એ.
૩૪. ચોપાટી રોડ, મુંબઈ.

કિંમત બે પૈસા. ૫૦ નકલની કીંમત રૂ. ૧-૦-૦

Printed by Chintaman Sakharam Deole at the Bombay Vaibhav Press, Servants of India Society's Building, Sandhurst Road, Girgaon, Bombay and

Published by Jamnadas Dwarkadas, B. A.
34 Chowpati Road,
Bombay.

પ્રસ્તાવના.

"સ્વરાજ્ય લેખમાલા" નો પહેલો અંક પ્રસિદ્ધ કરતાં બે બોલ કહેવાની જરૂર લાગે છે. ત્રીશમી કોંગ્રેસે સ્વરાજ્ય વિષે એવા મુદ્દાનો ઠરાવ પસાર કર્યો છે કે સ્વરાજ્યની સિદ્ધિ અર્થે હિન્દના રાજબંધારણમાં ઘણા મ્હોટા સુધારા કરવાનો અવસર આવ્યો છે અને સુધારાની યોજના ઘડવા તેમજ તે વિષે ચળવળનો એક કાર્યક્રમ રચવા ઓલ-ઇન્ડીઆ કોંગ્રેસ કમીટીને સત્તા આપવામાં આવે છે. આ ઉપરથી સ્પષ્ટ રીતે છેલ્લી કોંગ્રેસે સુધારાઓની ચર્ચા કરવા તેમજ ત્હેનું જ્ઞાન પ્રજામાં ફેલાવવાની સર્વેને સુચના કરી છે. તે અનુસાર મુંબાઈ અને મદ્રાસ, કલકત્તા અને અલહાબાદમાં જુદી જુદી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે. તેજ પ્રમાણે આખા હિન્દમાં સ્વરાજ્યનો મત પ્રવર્તાવવા માટે એક ફંડ ઉઘાડવામાં આવ્યું છે અને ત્હેમાંથી પત્રો, પુસ્તકો વગેરે પ્રગટ કરવાને એક તંત્રીઓનું મંડળ નીમાયું છે. ત્હેમાં મદ્રાસ તરફથી મીસીસ એની બીસન્ટ અને મી. સી. પી. રામસ્વામી આયર, કલકત્તા તરફથી મી. પૃથ્વીશ ચન્દ્ર રાય, બીહાર તરફથી મી. મઝહર-ઉલ-હક, અલહાબાદ તરફથી મી. સી. વાય. ચીન્તામણી અને મુંબાઇ તરફથી મી. રતનસી ધર્મસી, મી. ઓમર સોબાની અને નીચે સહી કરનાર કામ કરશે. આ ફંડની મુંબાઇની શાખા તરફથી આ લેખમાલા ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે; અને તેને અંગે જાણીતા લેખકો પાસે જુદા જુદા વિષયો પર વિચારપૂર્ણ અને પ્રોત્સાહક લેખો લખાવવાની અમે વ્યવસ્થા કરી છે.

આ લેખમાલાનો હેતુ ત્યારેજ બરાબર પાર પડે કે જ્યારે ત્હેનો ગુજરાતમાં ઘણો બહોળો પ્રચાર થાય ત્યારે. હાલ તાલુકાઓમાં અને ગામડાઓમાં જે વખતે રાજકીય મંડલો સ્થપાયાં નથી તે વખતે સ્વાભાવિક રીતે આ કામ ઘણું કઠિન છે. માટે જ આ લેખમાલાના દરેક અંકની છુટક કિંમત બે પૈસા રાખવામાં આવી છે અને ત્હેની પચાસ નકલ રૂ. ૧) માં આપવામાં આવશે. અમે આશા રાખીયે છીયે કે રાજકીય સવાલોમાં રસ લેતા સર્વ ગુજરાતીઓ આ વ્યવસ્થાનો પુરેપુરો લાભ લેશે એટલુંજ નહિ પણ પોતાના મિત્રમંળમાં તેમજ પોતાના ગામ અને તાલુકામાં ત્હેની વહેંચણી કરવામાં અમને ઘણી સહાય કરશે. આ લેખમાલાની વહેંચણી ત્હેની પ્રસિદ્ધિ જેટલી-બલ્કે તેથી પણ વધારે અગત્યની છે એ વાત ધ્યાનમાં લઈ આ કાર્યમાં બનતી મદદ આપવા સર્વને વિનંતિ છે.

૧-૪-૧૬.　　　　　　　　　　　　જમનાદાસ દ્વારકાદાસ.

*સ્વરાજ્ય શા માટે?

સ્વતંત્રતા અને સ્વરાજ્ય.

દુનિયામાં એવો કયો મનુષ્ય છે—સુધરેલો કે જંગલી, પૂર્વમાં કે પશ્ચિમમાં—કે જેને સ્વતંત્રતા પસંદ નથી? એવો કોણ મનુષ્ય પૃથ્વીના તલ ઉપર જીવે છે કે જેને બીજાના બંધનમાં રહેવું ગમે છે—તે કહે તેમ કામ કરવું, અને ત્હેની મરજી માફક ખાવું, ભોગવવું અને ફરવું ગમે છે? તત્વજ્ઞાની ગ્રીસમાં અને સુધરેલા રોમમાં ગુલામગીરી હતી અને ગયા સૈકામાં તે સ્થિતિ નાબુદ થયા પછી હુજી પણ એવાં બંધનો અને કાયદાઓ હયાત છે કે જે ગુલામગીરીનું ભાન કરાવે છે. પરન્તુ પુરાણા કાલમાં કે સુધરેલા યૂરપ, અમેરિકામાં ગુલામગીરી કેવલ જુલ્મનાંજ પરિણામે હતી અને જ્યારે તે વધારેમાં વધારે સ્થિર જણાતી ત્યારે પણ એ જુલ્મી ધુંસરી કાઢી નાંખવાને ગુલામો હમેશાં આતુર રહેતા હતા. તો પછી હાલ જ્યારે મનુષ્યનું—સાધારણ સાદા મનુષ્યનું ગૌરવ સાહિત્યનાં પ્રસિદ્ધ પાનાં ઉપર ચઢયું છે અને ઇતિહાસનાં પુસ્તકમાં અમર અક્ષરે અંકાયું છે તે વખતે સ્વયંસિદ્ધ સ્વતંત્રતાના એક અણુનો પણ ભોગ આપવા કોણ તૈયાર હશે?

પરન્તુ મનુષ્યની સ્વતંત્રતા કેવલ ગુલામગીરીના અભાવથી અટકતી નથી. અથવા—બીજી રીતે કહીએ તો—મનુ-

* અમારે જણાવવાની ભાગ્યે જ જરૂર છે કે હિન્દના સંબંધમાં સ્વરાજ્ય તે બ્રાટીશ સામ્રાજ્યના અંગ તરીકે જ સમજવાનું છે.

ષ્યની સ્વતંત્રતા ત્યારે જ સંપૂર્ણ અને સફલ થાય છે કે જયારે જે રાજસંસ્થામાં તે અંગભૂત છે તે પણ ઉદાર અને સ્વતંત્ર હોય. કારણ કે આન્તર વ્યવસ્થા અને બહારથી રક્ષણના જે હેતુ અર્થે સર્વ રાજસંસ્થાઓ હયાત છે ત્હેને અંગે શહેરીઓ ઉપર અમુક અંકુશો મૂકાય છે, અને ત્હેમના શિરપર અમુક ધર્મો નિયત થાય છે; તેમ જ બીજી પાસથી રાજ્યમાં ભાગ લેવાના, ન્યાય મેળવવામાં તથા સુલેહ ભોગવવાના સામાન્ય હક ત્હેમને મળે છે. આ ધર્મ, અને આ હક, અમેરીકા, ફ્રાંસ. જેવા પ્રજાસત્તાક રાજ્યમાં અતિશય વિશાળ હોય, કે ઇંગ્લંડ અને સંસ્થાનોની માફક ઓછા વિશાળ છતાં ઉદાર અને ઉન્નતિકારક હોય, કે આપણા દેશની માફક અતિશય દરિદ્ર અને બંધનકારક પણ હોય. આથી સ્વાતંત્ર્યપ્રેમી લોકો કેવલ ગુલામગીરીના અભાવથી સંતોષ પામતા નથી પણ પ્રજાકીય રાજ્ય–સ્વરાજ્ય માટે તલસે છે. વ્યકિત માટે જેમ સ્વતંત્રતા તેમ પ્રજા માટે સ્વરાજ્ય.

યૂરોપમાં સ્વાતંત્ર્યવિકાસ.

યૂરોપના ઇતિહાસપટ ઉપર દૃષ્ટિ કરતાં જણાય છે કે વ્યકિતની સ્વાતંત્રતા અને રાષ્ટ્રીય સ્વરાજ્યના સિદ્ધાન્તો એક પછી એક ઉદ્ભવ્યા છે. ચૌદમા અને પંદરમા સૈકામાં ગ્રીસ અને રોમનું સુન્દર, શિષ્ટ, સાહિત્ય યૂરોપની પ્રજાઓને પ્રાપ્ત થયું તેથી ત્હેમના સ્થિર જ્ઞાનમાં એટલો આશ્ચર્યકારક વધારો થયો, તેમજ અમુક જીર્ણ માર્ગમાં વિલાસ કરતી ત્હેમની વિચારશકિત એવાં નવાં વ્હેણમાં વહેવા લાગી કે જેથી પુરાતન શ્રદ્ધાના ગઢને મજબૂત ધોકડો લાગ્યો. મનુષ્યની બુદ્ધિએ ધીમે ધીમે પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું, અને પોતાની સત્તા અને પ્રદેશ વધાર્યો. પરિણામે લ્યુથરનો ધાર્મિક સુધારો ઉત્પન્ન થયો અને દાવાન-

લના વેગે પ્રસર્યો. સૈકાઓ જતાં મનુષ્ય શક્તિના પ્રભાવે જ્ઞાન અને વિજ્ઞાન, ધર્મ અને સાહિત્યના નવા ભંડાર ઉઘાડયા અને સર્વ દિશાઓમાં જુની શ્રદ્ધાઓ, જુની માન્યતાઓ—સૈકાઓ સુધી પૂજેલી જુની મૂર્તિઓનું ખંડન થયું.

પરન્તુ મનુષ્યની સ્વતંત્ર શક્તિને એક વાર ચમત્કારિક વેગ મળ્યા પછી, ત્હેના વ્યાપારને કોણુ રોકી શકે ?—ત્હેનાં ક્ષેત્રને કોણુ મર્યાદિત કરી શકે ? જે જમાનામાં ધાર્મિક સ્વતંત્રતાએ ઇંગ્લંડમાં પ્યુરીટન મત ઉપજાવ્યો તેજ વખતે રાજકીય સ્વતંત્રતા માટે ઇંગ્લંડમાં પ્રજાએ પહેલું અને છેલ્લું યુદ્ધ આરંભ્યું અને જુલ્મી અને ઉન્મત્ત રાજાના પ્રાણુહરણ કરી—થોડા વખતને માટે—પ્રજાકીય રાજ્ય સ્થાપ્યુ. ત્રીશ વર્ષમાં વધારે શાન્ત રાજ્યપરિવર્તન થયું અને મૂર્ખ રાજા વખત સમજી ઇંગ્લંડની ભૂમિ છોડી ગયો.પરન્તુ યૂરોપના સર્વ દેશો કાંતો આ બનાવોને ગંભીર અર્થ સમજી શકયા નહિ કે કાંતો તે સિદ્ધ કરવા ઉદ્યમી થયા નહિ. ગમે તેમ હોય પણ આસપાસનાં સર્વ રાજ્યમાં ધીમે ધીમે જુજ સુધારા થતા હતા; ત્યારે ફ્રાંસમાં તો રાજ્યતંત્ર, અમીરમંડલ અને પાદરીઓની સત્તાનો દંશ પ્રજાને વધારે ને વધારે સાલવા લાગ્યો,—ગરીબાઇ અને ભૂખમરાથી પીડાતી પ્રજાના હૃદય ઉપર ધાર્મિક તેમજ રાજકીય સંસ્થાઓનો ભાર વધારે ને વધારે નિર્દય અને અસહ્ય થયો. પરિણામ સ્પષ્ટજ હતું. સન ૧૭૮૯ માં સ્વતંત્રતાનો દાવાનલ સળગ્યો અને ત્હેણે એક સપાટે રાજા અને રાણી, અમીરો અને ધર્મગુરૂઓ, નિર્દય રાજપુરૂષો તેમજ ઉમદા દેશભકતો—સર્વેનો ભોગ લીધો.

આમ મનુષ્યનું ગૌરવ અને સ્વતંત્રતા સિદ્ધ થઈ—પોતાના જ જુલ્મી રાજાઓ સ્હામે પ્રજાએ પોતાનો હક સિદ્ધ કર્યો. પણ

સમગ્ર દુનિયામાં દરેક રાષ્ટ્રના—ન્હાનામાં ન્હાની કે નબળામાં નબળી પ્રજાનાં હુક ઓગણીસમા સૈકામાંજ સિદ્ધ થયા. "અઢારમી સદી જેમ વ્યકિતસ્વાતંત્ર્યનો જમાનો હતો તેમ ઓગણીસમી સદી રાષ્ટ્રીયત્વનો યુગ હતો. ઇગ્લંડ અને રૂશીઆની સહાયથી ગ્રીસે તુર્કસ્થાન સ્હામે બંડ ઉઠાવ્યું અને છેવટે ત્હેની જુલ્મી ધુંસરી ફેંકી દઇ સ્વતંત્ર બન્યું. જે બે દેશોમાં નવી ભાવનાએ વીજળીક ત્વરાથી અજબ પરિવર્તન કર્યું તે તો ઇટલી અને જર્મની હતા. અંદરના વિરોધો અને પરદેશી શત્રુઓની સામે થઇને બન્ને દેશોએ લગભગ એકજ વખતે રાષ્ટ્રીય એકતા પ્રાપ્ત કરી. નેપોલીયનના પ્રુજારાથી જાગેલું ઇટલી બે ત્રણ નિષ્ફળ પ્રયત્નો પછી ઑસ્ટ્રીયાથી સ્વતંત્ર બન્યું, અને જર્મનીએ સૈકાઓથી પોતાના ઉપર પડતી ઑસ્ટ્રીઆની ઝેરી છાયાને દૂર કરી. અને ઓગણીસમા શતકના છેલ્લા ભાગમાં સ્લાવ કોમની જે રાષ્ટ્રીય હીલચાલ જાગી છે તેણે હાલનો રણયજ્ઞ મચાવ્યો છે."*

રાષ્ટ્રીય સ્વતંત્રતા—અથવા—સ્વરાજ્યનો સિદ્ધાન્ત યૂરોપમાં આમ ઉત્પન્ન થયો.

હિન્દમાં સ્વરાજ્ય.

યૂરોપના ઇતિહાસ ઉપરથી આમ જણાય છે કે બ્રીટીશ સામ્રાજ્યમાં સ્વરાજ્ય માટે જે ઉંડી ઇચ્છા આપણા દેશમાં જન્મી છે, અને જે છેલ્લી કૉંગ્રેસે બ્રીટીશ પ્રજાને અને જગતને જાહેર કરી છે તે કેટલેક અંશે આધુનિક ઇતિહાસના જ્ઞાનને આભારી છે, તો બીજી પાસથી સુધરેલા દેશના છેલ્લા સિદ્ધાન્તોથી સંમત છે. પરન્તુ હિન્દના કેટલાક વતની કેવલ યૂરોપના

---

* લેખકના એક લેખમાંથી.

ઈતિહાસ ઉપર જ પોતાની ભાવનાને ટેકવે છે અને હાલ અધોગતિ પામેલા પણ એક વખતે સર્વોપરિ તેજથી રાજતા પોતાના દેશના ઉજ્જવલ તેમજ દુર્ભાગી ઇતિહાસ તરફ નજર કરતા નથી ? વેદનાં શાન્ત સૂકતોની પાછળ વીરતાનો—આત્મ-પ્રભાવનો જે અગ્નિ રહેલો છે તેથી કોનું હૃદય ચેતન પામ્યું નથી ? રામાયણ અને મહાભારતમાં અમર અક્ષરે વર્ણવેલાં દિવ્ય પરાક્રમો વાંચી હિન્દ-સ્વરાજ્યના દિવસો કોને યાદ નથી આવતા અને સ્વરાજ્ય ભોગવવાની આપણી તાત્વિક શકિત વિષે કોને શંકા રહે છે ? અશોક અને ચંદ્રગુપ્ત, વિક્રમ અને શાલીવાહનનાં સામ્રાજ્યના સમયનું સ્મરણ કરતાં, સ્વરાજ્યનું રક્ષણ અને પાલન કરવાના આપણા સામર્થ્ય વિષે કોની ખાત્રી થતી નથી ? અને આ સાથે જો યાદ રાખશો કે સંપૂર્ણ સુધારાની હાલ મગરૂબી કરનારા દેશ—ઇંગ્લંડ, અને ફ્રાંસ અને જર્મની તે અરસામાં જંગલી હતા અને રોમની રાજ્યસભાઓમાં ત્હેમના પ્રતિનિધિઓ તરફ અમીરી રોમનો તિરસ્કારની દૃષ્ટિથી જોતા હતા, તો તે વખતે જળહળતા આપણા ઉદયસૂર્યનું કલ્પનામાં દર્શન થશે !

આ પછી હિન્દના દુર્ભાગ્યના દિવસો આવ્યા—જેમ ઇતિહાસના ચક્રમાં દરેક પ્રજાને શિર વખતો વખત આવે છે. મુસલમાન રાજાઓએ વારંવાર હુમલા કરી દેશી રાજાઓને હરાવ્યા અને ત્રાસજનક જુલમ કરી અને અઢળક લુંટ લઇ પાછા સીધાવ્યા. પરંતુ સદ્‌ભાગ્યે આવી સ્થિતિ લાંબો વખત ચાલી નહિ. હિન્દનું ધનહરણ કરવા જેઓ આવ્યા હતા તેઓ રાજ્ય કરવાને હિન્દમાં રહ્યા અને થોડા વખતમાં પરધર્મી હોવા છતાં સ્વદેશી થયા. સૈકાંઓ સુધી મુસલમાન રાજાઓએ

જે રાજ્ય—કોઇ વખત ઉદાર તો કોઈ વખતે ક્રૂર—હિંદમાં ચલાવ્યું ત્હેને પરરાજ્ય કહેનાર સજ્જનો ભૂલી જાય છે કે સન ૧૦૬૬ માં ઇંગ્લંડને હરાવનાર નોર્મનો હજી પણ ત્યાં રાજ્ય કરે છે અને છતાં તેમનું રાજ્ય પરદેશી ગણાતું નથી.

આથી મુસલમાન રાજ્યના લાંબા કાલને દેશભક્ત હિન્દી સ્વરાજ્યના જમાના તરીકે ગણે છે. પરન્તુ તે કાલમાં હિન્દના મૂલ વતની હિન્દુઓના સ્વરાજ્ય માટે—ઘણીવાર વ્યર્થ અને કોઇ વાર સફલ—જે વીર પ્રયત્નો થયા છે તે હિન્દના ઇતિહાસને ચમત્કારિક રસથી ભરે છે અને હિન્દના અન્તઃકરણના ઉંડામાં ઉંડા ભાગમાં રહેલી સ્વાતંત્ર્યની આકાંક્ષા સૂચવે છે. ઉત્તર હિન્દુસ્થાનમાં રજપુતો સૈકાઓ સુધી વારંવાર લડયા અને છેવટે પરાજય પામ્યા ત્યારે પણ પોતાનું આત્મગૌરવ અને સ્વાભિમાન સાચવી રહ્યા. દક્ષિણમાં વિજયનગરનું હિન્દુ રાજ્ય મુસલમાનો સ્હામે વર્ષો સુધી ટકી રહ્યું અને હવે તે સંપૂર્ણ નાશ પામ્યું છે ત્યારે પણ ત્હેના અવશેષ રૂપ ઉત્તમ મકાનો અને સ્તંભો ત્હેની જાહોજલાલીનું પ્રવાસીને સ્મરણ કરાવે છે. પશ્ચિમમાં મરાઠાઓએ સ્વતંત્રતાનો જે ભગવો વાવટો ચઢાવ્યો ત્હેનો પરાજય કરતાં અંગ્રેજોને ઘણી ખેન પડી. અને છેક ઉત્તરમાં નાનકપંથી શીખ લોકોએ અને પછી રણજીતસિંહના રાજ્યવંશે બ્રિટિશ સત્તાનાં ઉભરાતાં પૂર સ્હામે છેલ્લો બચાવ કર્યો. તે પછી સમય બદલાયો છે; બ્રિટિશ રાજછત્ર નીચે સમગ્ર હિન્દ એક બન્યું છે અને ત્હેણે કાયદેસર પગલાંથી સ્વરાજ્યની ચળવળ જગાવી છે.

હિન્દની ગરીબાઇ.

આમ સ્વરાજ્યનો સિદ્ધાન્ત યૂરોપના ઇતિહાસમાં ઝળકે છે એટલુંજ નહિ પણ સ્વરાજ્યની આકાંક્ષા હિન્દના હૃદયમાં—

ત્હેની ઉન્નતિના મધ્યાહ્નમાં તેમ ત્હેની અવનતિની સંધ્યામાં—હમેશાં સમાએલી છે. આથી બ્રિટિશ રાજ્યતંત્ર—કારણ કે સ્વાતંત્ર્યપ્રેમી બ્રીટનના સંબંધ સ્હામે નહિ પણ હાલના રાજબંધારણ સ્હામે જ આપણી બધી ફરીયાદ છે—તે વધારેમાં વધારે સંતોષકારક હોત તો પણ ઇંગ્લાંડના નોકર મટી મિત્ર બનવાની—બ્રિટિશ સામ્રાજ્યમાં સ્વરાજ્ય મેળવવાની સ્વયંભુ ઇચ્છા દેશમાં જાગૃત થાત. બાબુ સુરેન્દ્રનાથ બેનરજીએ વારંવાર જણાવ્યું છે તે પ્રમાણે સ્વરાજ્ય એ કુદરતનો નિયમ છે અને ઇશ્વરનું વિધાન છે.

હવે ઇંગ્લંડના સુધરેલા અમલથી આપણને ઘણા લાભ થયા છે એ વાત નિઃશંક છે. છેલ્લાં ૧૫૦ વર્ષમાં રાજકીય કલહો અને લડાઇઓની સંખ્યા ઘટતી ગઇ અને ગયા પચાશ વર્ષમાં આપણે શાન્તિ ભોગવી છે. ઉપરાંત સુધારાનાં નવા સાધનોથી તેમજ પાશ્ચાત્ય કેલવણીના પ્રસાર વડે આપણને જે અનુપમ જાગૃતિ મળી છે તે માટે પણ આપણે ઇંગ્લંડના આભારી છીએ. અને અમારે મન આથી પણ વધારે મ્હોટો લાભ એ છે કે સૈકાઓ પછી હિન્દના બધા ભાગ એક રાજતંત્ર નીચે આવ્યા અને તેથી હિન્દી એકતા અને રાષ્ટ્રીયતા સિદ્ધ કરવાની આપણને તક મળી. આથી સર્વ હિન્દીઓનો મકકમ અભિપ્રાય થયો છે કે હિન્દના વિકાસ માટે બ્રીટનનો રાજકીય સંબંધ સૈકાંઓ સુધી અત્યંત આવશ્યક રહેશે.

પરંતુ આ ચિત્રની બીજી બાજુ ઘણી ભયંકર છે, કારણ કે બ્રિટિશ અમલ નીચે આવ્યા પછી આપણને અનેક રીતે ખમવું પડયું છે. જો શાન્તિ અને સુલેહ સ્થપાયાં છે તો આર્થિક

આબાદાની અને મનુષ્યત્વનો પ્રભાવ આ દેશમાંથી સીધાવ્યા છે. પ્રથમ આપણે ગરીબાઈની હકીકત વિચારીશું.—કારણ કે ઇંગ્રેજો આ દેશમાં મૂળ વેપાર અર્થે આવ્યાં હતા અને કંપની સરકારે ખુલ્લી રીતે વેપારી રાજ્યપદ્ધતિ ચલાવી હતી. હિન્દ કેવલ ખેતીનો પ્રદેશ છે એમ મૂર્ખપણે બકનાર સઉ કોઇ ભૂલી જાય છે કે આ દેશ શરૂઆતમાં સાલના સંચાથી અને હાથના કસબથી એવો સુન્દર માલ ઉત્પન્ન કરતો હતો, કે તે આ દેશની જરૂરીઆતને પૂરો પાડતો હતો, એટલુંજ નહિ પણ ઇરાન અરબસ્તાન અને યૂરોપમાં ઇંગ્લંડ સુધી તે મોકલવામાં આવતો હતો. પણ સાંચાકામની શોધ ઇંગ્લંડમાં થઇ એટલે વણાટના ધંધા ઉપર સર્વ રીતે દબાણ મૂકવામાં આવ્યું! ઇંગ્લંડના બ્હારામાં ત્હેના ઉપર ૬૦ અને ૭૫ ટકા સુધી કર નાંખવામાં આવ્યો અને હિન્દમાં વણકરો ઉપર ઘણો જુલમ ગુજારવામાં આવ્યો. બીજી પાસ ઇંગ્લંડમાં બનેલો માલ વધારે ને વધારે જથામાં હિન્દમાં આવવા લાગ્યો અને વણેલા માલની સરખામણીમાં તે સોંઘો હોવાથી ખુબ ખપવા લાગ્યો. વણાટનો સુન્દર હુન્નર આમ તૂટયો. રેશમ અને ઉનના હુન્નરને પણ બ્હારના સોંઘા માલથી ધોકો લાગ્યો અને આ હુન્નરો નાશ પામવાથી ખેતી ઉપર જ હિન્દની ત્રીસ કરોડની વસ્તીનો આધાર રહ્યો. એક જંગલી પ્રદેશની માફક ફકત કાચો માલ પરદેશ મોકલી પરદેશી તૈયાર માલ વાપરવાની ત્હેને ફરજ પડી. આ ઔદ્યોગિક વિનાશને અટકાવવાને બ્રિટિશ સરકારે કંઇજ પગલાં ન ભર્યાં––પરદેશી માલ ઉપર જકાત ન નાંખી કે દેશી ઉદ્યોગોને કંઇ ઉત્તેજન ન આપ્યું. ઉલટું ઇંગ્લંડના લાભ અર્થે ત્હેનો વિનાશ કરવામાં સરકારે દુર્ભાગ્યે ઘણો ભાગ લીધો.

કંપની સરકારને બદલે બ્રિટિશ શહેનશાહતના હુકમ નીચે હિન્દ આવ્યું ત્યાર પછી પણ પ્રથમ તો વર્ષે વર્ષે લાખો પાઉંડ ખર્ચી સરકારે રેલ્વેને ઉત્તેજન આપ્યું છે. પરંતુ તે રેલ્વેના કારોબારથી હિન્દી વેપાર ઉદ્યોગને ફાયદો થવાને બદલે તેને માટે જરૂરનો કાચો માલ પરદેશ ઘસડાઈ જઈ નુકશાન થાય છે. ઇંગ્રેજી રાજ્યમાં દેશની હુંશીઆરી કમી થઇ ન હતી પણ નવાં સંયોગો અને નવી કેલવણીથી ઉલટી વિકાસ પામી હતી; અને તેથી થોડાં વર્ષમાં રુને કાંતવાની તથા વણવાની સંખ્યાબંધ મીલો મુંબાઈ ઇલાકામાં દેશી નાણુંથી અને દેશી વહીવટથી સ્થપાઈ. પરંતુ વણાટ કામની સ્હામે જેવી રાજનીતિ ચલાવવામાં આવી હતી ત્હેવી મીલના હુન્નર સ્હામે પણ યોજવામાં આવી અને મીલમાં ઉત્પન્ન થતા કાપડ ઉપર કર નાંખવામાં આવ્યો. આથી મીલો નાશ પામી નથી; પરંતુ ત્હેની આબાદાની અને ત્હેનો વધારો તે કર શિવાય હાલ ઘણો વધારે હોત એ નિઃશંક છે.

શણનો હુન્નર બંગાલમાં છે પણ તે મ્હોટે ભાગે ઇંગ્રેજોના હાથમાં છે. સોનાની જે ખાણો મૈસુરમાં છે તે મ્હોટે ભાગે બ્રિટિશ નાણુંથી ખોદવામાં આવે છે. લોઢું અને કોલસાનો ઉદ્યોગ કેટલેક અંશે આપણા હાથમાં છે—ટાટાનાં લોઢાનાં કારખાનાથી તે ઉદ્યાગને ઘણું ઉત્તેજન મળ્યું છે. આ સઉ ઉદ્યોગો હિન્દની વસ્તીના પ્રમાણમાં તેમજ પરદેશી માલની ખપતના પ્રમાણમાં કિંચિત્‌માત્ર છે અને પરિણામે દેશની ૭૫ ટકા વસ્તી ખેતીવાડી ઉપર નિર્વાહ ચલાવે છે.

આમ દેશનો મુખ્ય આધાર ખેતી છે; પણ ત્હેના ઉપર કેટલી આફતો આવે છે? છેલ્લાં થોડાં વર્ષમાં જ કેટલા દુકા-

ળથી આપણા ખેડુતોનું લોહી સોસાયું છે?—અને જરા વરસાદ ન પડતાં સર્વત્ર કેટલી કારમી ફાળ પડે છે? આનાં કારણો મુખ્યત્વે બે છે. (૧) નહેરોની અને કુવાની અછત અને (૨) જમીનનું વધતું જતું મહેસુલ. દુકાળનો સવાલ તપાસવાને જે કમીશન નીમવામાં આવ્યું હતું ત્હેણે, વરસાદ અનિયમિત થાય ત્યારે પાણીની અછત પુરી પાડવાને મ્હોટી નદી હોય ત્યાં નહેરો અને બાકીને સ્થળે કુવા ખોદવાની સરકારને ભલામણ કરી છે. પરન્તુ તે બન્ને ઉપર જુજ ખર્ચ કરી સરકારે સંતોષ માન્યો છે. બીજી પાસ મહેસુલ ઉપર કંઈ મર્યાદાઓ નથી, એટલે દર નવી આંકણી વખતે તે મરજી માફક વધારવામાં આવે છે. આ સ્થિતિમાં હિન્દ દુકાળને શરણ કયાં સુધી રહેશે અને ખેતીવાડીમાં સુધારો કરવાની તક ગરીબ ખેડુતને કયારે મળશે તે સમજાતું નથી.

આ ઉપરાંત દર વર્ષે કંઇ પણ બદલા સિવાય હિન્દમાંથી નાણાંની જે મ્હોટી રકમ ઇંગ્લંડ મોકલવામાં આવે છે તેથી દેશ વધારે ગરીબ બને છે. હોમ ચાર્જ—ઇંગ્લંડમાં હિન્દી રાજતંત્રના ખર્ચ—ખાતે લગભગ ત્રીશ કરોડથી વધારે રૂપીયા ઇંગ્લંડ મોકલવામાં આવે છે. ઇન્ડીયા ઓફીસનો ખર્ચ અને હિન્દી વજીરનો પગાર, અનેક કામ માટે ઇંગ્લંડમાં ધીરેલાં નાણાંનું વ્યાજ અને ખાસ કરીને સીવીલ સર્વીસના અમલદારોના પગારની આ રકમ બનેલી હોય છે. ઔદ્યાગિક રાજનીતિનું અને અસાધારણ મ્હોટા પગારે મ્હોટે ભાગે ઇંગ્રેજોને જ ઉંચી નોકરી આપવાનું આ પરિણામ છે. અને જ્યાં સુધી ઉડાઉ ખર્ચ માટે ઇંગ્લંડનાં નાણાં ઉછીનાં લેવામાં આવશે અને ઇંગ્લંડમાંજ સીવીલ સર્વીસની પરીક્ષા લેવામાં આવશે ત્યાં સુધી કરોડો રૂપીયા દર વર્ષે હિન્દમાંથી જશે.

પરન્તુ હિન્દની ગરીબાઇ પૂરવાર કરવાને આ બધું ધ્યાનમાં રાખવાની શી જરૂર છે? દરેક હિન્દીની આકૃતિમાં અને દેશના દરેક ભાગની સ્થિતિમાં ગરીબાઇ સ્પષ્ટ અક્ષરે અંકાએલી છે. ઘણા પ્રવાસીઓએ જણાવ્યું છે કે ત્રીસ ચાલીસ વર્ષ પૂર્વે જ્યારે તેઓ હિન્દમાં આવ્યા હતા ત્યારે ખેડુતની સ્ત્રીઓના અંગ ઉપર જે ઘરેણાં દીસતાં હતાં તે હવે અદૃશ્ય થયાં છે. થોડાં વર્ષ પૂર્વે સરકારે લોકોની સ્થિતિ વિષે ખાનગી તપાસ કરાવી ત્યારે જવાબદાર અમલદારો તરફથી જણાવવામાં આવ્યું હતું કે હિન્દનાં લાખો મનુષ્યોને બીજી વાર ભોજન મળતું નથી અને તેથી પણ વધારે મ્હોટો એવો વર્ગ છે કે જે હમેશાં ઓછું ખાવાથી શરીરને પોષે એટલો ખોરાક લેતો નથી—લઈ શકતો નથી. આ ઉપરાંત દિને દિને હિન્દના ભીતરમાં રહેલાં લાખો ગામડાંમાં ભૂખમરાથી મરતાં ગરીબ લોકો કોણ જાણે કેટલાં હશે?

આ ઉપરાંત એક બીજી ગરીબાઈ છે કે જે તરફ સર્વનું લક્ષ ખેંચવાની ખાસ જરૂર છે. સાધારણ સ્થિતિના યુવકો હાલ ઇંગ્રેજી કેળવણી મેળવે છે—કારણ કે તે કેળવણી શિવાય જીવનનિર્વાહનાં સાધન દુર્લભ છે. પણ હાલ જો કોઈ વધારેમાં વધારે ક્રૂર મુશ્કેલી હિન્દમાં હોય તો એ છે કે કેળવણી મેળવીને—બી. એ. ની પરીક્ષા પાસ કરીને શું કરવું? ખેતીમાં કસ નથી, બીજા ઉદ્યોગો ખીલતા નથી, વેપાર મ્હોટે ભાગે પરદેશીઓના હાથમાં છે અને રાજ્યની ઉંચામાં ઉંચી નોકરીઓ—જે તરફ બીજા દેશમાં વધારેમાં વધારે બુદ્ધિશાળી માણસો વળે છે તે—હિન્દીઓને પ્રાપ્ત નથી. લશ્કરના અમલદારોની નોકરી પણ ઇંગ્રેજોને જ મળી શકે; બાકી કાયદાની, સીવીલ

સર્વીસની, તેમજ સર્વ ઉંચામાં ઉંચી પરીક્ષાઓ ઇંગ્લંડમાં લેવાય છે. સ્વાભાવિક રીતે સર્વ સ્વાભિમાની હિન્દીને લાગે છે કે સ્વદેશમાં જ તે પરાયા, લાચાર અને નિરાધાર છે.

ઉંચી નોકરીમાંથી બહિષ્કાર.

આ વિચાર ઉંચી નોકરીના સમગ્ર વિષય તરફ આપણું ધ્યાન ખેંચે છે.કારણ કે હાલના જમાનાને મુસલમાન અમલ સાથે સરખાવતાં દેશની ગરીબાઇ જેટલો જ—બલ્કે તેથી પણ વધારે આશ્ચર્યકારક વિપર્યય નજરે પડતો હોય તો તે ઉંચી નોકરીમાંથી હિન્દીઓનો બહિષ્કાર છે. આપણને યાદ છે કે અકબર બાદશાહના રાજ્યમાં ટોડરમલ્લ મહેસુલનો મંત્રી હતો અને માનસિંહ લશ્કરનો સેનાપતિ હતો.અકબર પછી અને અકબરથી-ઉતરતી પંક્તિના રાજાઓના અમલમાં પણ છૂટથી અને વિશ્વાસ પૂર્વક હિન્દુઓને રાજ્યની ઉંચામાં ઉંચી નોકરીઓ સોંપવા આવતી હતી. અને હાલના વખતમાં પણ ઘણાં મુસલમાન રાજ્યમાં હિન્દીઓ ઉંચા દરજ્જાની અને વિશ્વાસની પદ્વીઓ ભોગવે છે. પ્રજાના મ્હોટા ભાગને અનુકૂળ અમલ ચલાવવાને ત્હેના સર્વ પ્રતિનિધિની સલાહ અને સહાય રાજકર્તાને મળવી જોઇએ એ સિદ્ધાન્ત હિન્દમાં હમેશાં સ્વીકારવામાં આવ્યો છે. પરન્તુ કંઇક ધનની વેપારી લાલચથી અને કંઇક પ્રજાના અવિશ્વાસથી ઇંગ્રેજોએ એ સિદ્ધાન્તનો ભંગ કર્યો છે. અમે ઉપર જણાવ્યું કે આથી કેળવાએલા વર્ગમાં અસંતોષ અને ગરીબાઈ વધે છે. પણ રાજ્યને આથી પણ વધારે ઉંડા અનર્થ થાય છે. જે રાજતંત્રની ધારાસભામાં પ્રજાકીય તત્વ શૂન્યવત્ હોય અને જેનો ઉંચામાં ઉંચો અમલદાર વર્ગ લગભગ સંપૂર્ણ રીતે પરદેશી હોય—ટૂંકામાં જે રાજતંત્ર પ્રજામતના જરા પણ સંબંધમાં ન હોય તે પ્રજાની

લાગણીઓને વારંવાર દુઃખવે અને પ્રજાના સ્વાર્થની નિરંતર ઉપેક્ષા કરે એમાં શી નવાઈ! ખરેખર, મધ્યકાલીન યૂરોપના સામ્રાજ્યના સમય પછી આવા બિન-પ્રજાકીય રાજ્યના દાખલા જુજ જ છે. અમે જણાવ્યું છે કે મુસલમાન રાજ્યતંત્ર સાથે આની સરખામણી થઈ શકે જ નહિ. બ્રિટિશ સામ્રાજ્યનાં સંસ્થાનોની પણ સ્થિતિ જુદી છે; કારણ કે મ્હોટામાં મ્હોટાં સંસ્થાનો હાલ સ્વરાજ્ય ભોગવે છે. અમેરીકાએ ફીલીપાઇન ટાપુને વશ કર્યા પણ ત્હેમને અતિશય પ્રજાકીય રાજબંધારણ આપ્યું અને લગભગ ૧૮ વર્ષમાં તો ત્હેને સ્વરાજ્ય આપવાનો વિચાર કરે છે.

આમ રાજ્યને નુકશાન થાય છે તો બીજી પાસથી— ઘણા દેશભકતોએ જણાવ્યું છે તે પ્રમાણે—હિન્દના મનુષ્યત્વને પણ ભયંકર હાનિ થાય છે. જે પદ્વીમાં દેશનું વધારેમાં વધારે ભલું કરી શકાય તેમ જ વ્યાવહારિક બુદ્ધિ અને સામાજીક જ્ઞાનની વધારેમાં વધારે કસોટી અને ઉપયોગ થાય તે મ્હોટે ભાગે દેશના વતનીઓ સ્હામે બંધ કરવામાં આવે ત્યારે એ બુદ્ધિ અને એ જ્ઞાનનો વિકાસ કેમ થાય? અને રાજકીય બુદ્ધિની વિશાળતા અને હૃદયની દઢતા, આત્મવિશ્વાસ અને આત્મબળ લોકોમાં ન ખીલે તો શહેરીપણાની સુધરેલી ભાવના કેમ સિદ્ધ થાય? પોતાના દેશના રાજતંત્રમાં ભાગ લેવો એ જેમ સર્વ પ્રજાની સ્વયંભુ આકાંક્ષા છે અને સ્વાભાવિક હક છે તેમ બીજી પાસ તે માનસિક અને નૈતિક ઉન્નતિનું તથા રાજકીય શિક્ષણનું ઉંચામાં ઉંચું સાધન છે. જે દુર્ભાગી દેશના પુત્રો પોતાના રાજ્યમાં મંત્રીપદ કે ઉંચી રાજકીય પદ્વી ન ભોગવી શકે ત્હેના એ હકનું ખંડન થાય છે અને એ ઉન્નતિનાં દ્વાર બંધ થાય છે.

શારીરિક નિર્બલતા.

સરકારનો અવિશ્વાસ ઉંચી નોકરીમાંથી આપણો બહિષ્કાર કરીને જ અટક્યો નથી; ત્હેણે આપણાં હુથીઆર પણ ઉતાર્યાં છે અને લશ્કરમાંથી-અમુક વર્ગ શિવાય-સર્વને બાતલ કર્યા છે. હાલ યુરોપમાં લડાઈ ફાટી નીકળવાથી હુથીયાર ધારણ કરવાના અને તેની સાથે લશ્કરમાં અમલદારીનાં કમીશન મેળવવાના અને વૉલંટીઅર તરીકે લશ્કરમાં જોડાવાના સવાલો સ્વાભાવિક રીતે ચર્ચાયા છે; અને છેલ્લી કૉંગ્રેસના બાહોશ પ્રમુખે આ સર્વ હુકનું ઉત્તમ પ્રતિપાદન કર્યું હતું. દેખીતી રીતે આ સર્વ હુક એક જ સિદ્ધાન્ત ઉપર આધાર રાખે છે-કે સર્વ પ્રજાજનને પોતાના રાજ્યના અને સામ્રાજ્યના રક્ષણ અર્થે શસ્ત્ર સજવાનો હુક છે. આ સિદ્ધાન્ત જો સરકાર સ્વીકારે તો વોલંટીઅર થવાના અને લશ્કરમાં કમીશન મેળવવાના હુક તે આપે એટલુંજ નહિ પણ સામાન્ય રીતે હુથીઆર ધારણ કરવાનો માનુષી હુક પણ આપણને સોંપે. જેમની કોઇ પણ વખતે લશ્કરમાં જરૂર પડે ત્હેમને નિઃશસ્ત્ર રાખી શકાય જ નહિ; કારણ કે શસ્ત્રનો ઉપયોગ કરવાની ટેવ જેમણે ખોઈ હોય તેઓ ત્હેનો આબાદ ઉપયોગ કરી ન શકે એટલુંજ નહિ પણ ત્હેમનામાં ઘણે અંશે મર્દાની અને વીરતા પણ ન રહે.

ઇ. સ. ૧૮૫૭ ના બળવા પછી-જો કે તે બળવો સીપાઈઓએ જ કર્યો હતો-તો પણ સમગ્ર હિન્દી પ્રજાનાં હુથીઆર સરકારે ઉતાર્યા-મર્દાનીનું મુખ્ય ચિહ્ન ખુંચવી લઇ સર્વને સ્ત્રીવત્ કર્યા. આથી શારીરિક બળ, લડાયક શક્તિ અને હૈયાની હામ ઉપર ઘણી માઠી અસર થઇ છે એ ભાગ્યે જ ના પાડી શકાશે. હુથીઆરથી દૂર રહેવાથી ત્હેનો ડર વધે છે અને કોઇ પણ

ભય સ્હામે લ્હડવાની શકિત ગુમ થાય છે. ચોર અને લુંટારાઓ, ઝેરી જાનવરો અને જંગલી પ્રાણીઓ સ્હામે પોતાનું રક્ષણ કરવાની તાકાત કમી થાય છે. છેલ્લાં લગભગ સાઠ વર્ષથી આ અનિષ્ટ સ્થિતિ હિંદમાં પ્રચલિત થઇ છે અને પરિણામે તે પ્રજા વધારે નિર્બળ અને કમજોર થતી ગઇ છે. દુનિયાનો બીજો કોઇ પણ દુર્ભાગી દેશ હશે કે જ્યાં આવો ક્રુર પ્રતિબંધ રચાયો હોય !

અંકુશોની અવધિ.

હથીઆર અને લશ્કર સંબંધી અંકુશો ઉપર ગણાવ્યા. પરન્તુ—ખાસ કરીને છેલ્લા દશકામાં—જે અંકુશો પ્રજા ઉપર મૂકવામાં આવ્યા છે અને પ્રજાની ઉર્મિઓ રોકવાને જે નવા માર્ગ રચાયા છે તે વિષે આપણે શું કહીશું ? કાંઇ કારણ દર્શાવ્યા શિવાય અને કંઇ પણ ઈન્સાફ આપ્યા શિવાય અનેક પુરૂષોને દેશનિકાલ કરવામાં આવ્યા છે. જયુરી સિવાય અને કવચિત્ આરોપીની ગેરહાજરીમાં આરોપીને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા છે. ગયા સૈકાથી જ છાપખાનાની જે સ્વતંત્રતા હિન્દ ભોગવતું હતું તે હાલ નવા કાયદાની રૂએ ઘણે અંશે કપાઈ ગઇ છે અને લેખકો તેમજ છાપખાનાના માલીકો પોલીસની મહેરબાનીને આધીન રહે છે. મુકરર કરેલા પ્રદેશમાં જાહેર સભાઓ ઉપર અંકુશ મૂકવાનો કાયદો ઘડવામાં આવ્યો છે. છેવટે લડાઈને અંગે રાજકીય શાંતિ માટે જે કાયદો પસાર કરવામાં આવ્યો છે તે પ્રમાણે શકદાર માણસોને અમુક ગામમાં પૂરી રાખવાની સત્તા પોલીસને આપવામાં આવી છે; તેમ જ અમુક અમુક ગુન્હાની તપાસ ખાસ નીમાયેલા કમીશનરો આગળ ચલાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિશાળ

અને હાનિકારક સત્તાઓનો વધારેમાં વધારે ઉપયોગ પંજાબ અને બંગાળમાં થયો છે અને વખતો વખત દેખીતી રીતે કંઈ પણ કારણ શિવાય આબરુદાર ગૃહસ્થોને તેમ જ વિદ્યાર્થીઓને અમુક ગામમાં પુરાતા આપણે જોઇએ છીએ. આ સ્થિતિમાં સઉ કોઇ કંપે છે: છાપામાં લખનાર તેમ જ સભામાં ભાષણ કરનાર, શાન્ત ગૃહસ્થો તેમ જ નિર્દોષ વિદ્યાર્થીઓ—કારણ કે ત્હેમને ખબર નથી કે આ અટપટા કાયદાનો પ્રયોગ ત્હેમના ઉપર ક્યારે કરવામાં આવશે!

તંદુરસ્તી અને કેળવણી.

આટલું અનિષ્ટ રાજનીતિ અને અંકુશ રૂપ કાયદાઓ વિષે. પરન્તુ સરકાર સ્હામે આપણી ફરીઆદ આટલેથી જ અટકતી નથી. દેશમાં અનેક ન્હાના મ્હોટા સુધારા કરવાની જરૂર છે કે જે શિવાય હિન્દ બીજા સુધરેલા દેશોની હારમાં માનપૂર્વક શોભી શકે નહિ. અત્રે વિગતોમાં ઉતર્યા શિવાય બે મુખ્ય બાબતો લઇશું (૧) તંદુરસ્તી, અને (૨) કેળવણી. ગામડાંઓ તેમજ શહેરો સુધરેલાં સર્વ ધોરણ અનુસાર અનેક રીતે અસ્વચ્છ રહે છે અને પ્લેગ, કોલેરા અને મેલેરીઆ વર્ષે વર્ષે મનુષ્યોનો મ્હોટો ભોગ લે છે. સરકાર આ અસ્વચ્છતા દૂર કરવા અને આ વ્યાધિઓ કમી કરવા શા ઉપાય યોજે છે? મેલેરીયા તેમજ તંદુરસ્તીના સામાન્ય સવાલો ચર્ચવાને સરકારે અનેક પરિષદો બોલાવી છે પણ ત્હેનું વ્યાવહારિક પરિણામ ઘણું જ નજીવું છે. બાકી, લોકલ બૉર્ડ અને મ્યુનિસિપાલીટીને આ કામ સરકારે મ્હોટે ભાગે સોંપી દીધું છે. પણ શું તેથી ત્હેની જવાબદારી બંધ થાય છે? લોકલ બૉર્ડને વધુ કર

નાંખવાનો સત્તા નથી તેથી ત્હેને આ કામને માટે જોઇતાં નાણાં સરકારે જ પૂરાં પાડવાં જોઇએ. પણ કોઈ ઇલાકાનો તંદુરસ્તીનો કે લોકલ બૉર્ડનો રીપોર્ટ ઉઘાડતાં જણાશે કે જે હજારો ગામની તંદુરસ્તી ત્હેને સુધારવાની છે ત્હેને માટે આપવામાં આવતી જુજ રકમ ક્રૂર મશ્કરી રૂપ લાગે છે. તંદુરસ્તી ખાતાને આપવામાં આવતી ન્હાની ગ્રાન્ટ હાલ મ્હોટે ભાગે થોડા શહેરની મ્યુનિસિપાલીટીને આપવામાં આવે છે અને તેથી ત્હેમાંજ પાણી અને ગટરોની વ્યવસ્થા થાય છે. બાકીનાં હજારો અને લાખો ગામ અને શહેરો કંઈ પણ દરકાર વગર કુદરત અને ઇશ્વરને શરણે રહે છે. થોડી જગ્યાએ ઇસ્પીતાલો ઉઘાડવામાં આવી છે પણ તે નથી ગામડાંઓની પાસે કે નથી પુરતી સંખ્યામાં.

તંદુરસ્તીના પ્રમાણમાં કેળવણીનાં સાધનોની જરૂર વધારે છે કે ઓછી એ અમે કહી શકતા નથી. પરન્તુ એટલું તો હવે સ્વયંસિદ્ધ છે—અને ખુદ સરકાર પણ ત્હેની ના પાડી શકશે નહિ—કે હિન્દનો દરેક વતની, ફક્ત લખતાં વાંચતાં પણ ન જાણે ત્યાં સુધી દેશમાં કેળવણીનો પ્રચાર થયો છે એમ કહી શકાય નહિ. ઉપરાંત એ પણ સ્પષ્ટ છે કે કેળવણી મફત અને ફરજીયાત કરવામાં આવે નહિ ત્યાં સુધી આ સાધ્ય સિદ્ધ થશે નહિ. અને છતાં સરકારે મહુર્મ શ્રી. ગોખલેનું ફરજીયાત કેળવણી વિષે નરમમાં નરમ બીલ નાપાસ કર્યું તેથી સર્વત્ર નિરાશા પ્રસરી રહી છે. હાલ સુધરેલા ગણાતા સર્વ દેશ કેળવણીની આ પદ્ધતિથી ઉન્નતિ પામ્યા છે અને તે સાધન હિન્દને ન આપવામાં સરકારે હિન્દને ઘણો અન્યાય કર્યો છે.

ઉપરાંત, કેળવણી ફરજીયાત ન થાય ત્યાં સુધીમાં વધારે ને વધારે નિશાળો સ્થાપવી એ તો સરકારનો સ્પષ્ટ ધર્મ છે.

જ્યારે સુધરેલા દેશમાં દરેક ગામમાં એક કરતાં પણ વધારે નિશાળ છે ત્યારે અહીંઆ ગામેગામ એક નિશાળ તો તુરત સ્થપાવી જોઇએ. પરન્તુ હાલ કેળવણી માટે એટલાં ઓછાં નાણાં સરકાર આપે છે કે જેથી ૪૦ કે ૫૦ હજાર ગામવાળા પ્રાંતમાં વધારાની ફકત સો દોઢસો કે તેથી પણ થોડી નિશાળ દર વર્ષે સ્થાપી શકાય. શ્રી. ગોખલેએ જણાવ્યું હતું કે આ વેગે કેળવણીના સંપૂર્ણ પ્રસાર માટે સૈકાઓની વાર લાગશે. અને આ આવશ્યક સુધારા માટે તેટલા વખત સુધી રાહ જોવાને કોણ તૈયાર છે ?

પ્રજાની સત્તા.

ઉપર જણાવેલા ગંભીર અનર્થો દૂર કરવાને અને ઉપયોગી સુધારા યોજવાને પ્રજાને હસ્તક હાલ કેટલી સત્તા છે ? સ્થાનિક સ્વરાજ્ય વિષે એક જુદો લેખ પ્રકટ કરવામાં આવશે એટલે તે વિષે અત્રે ચર્ચા કરવાની જરૂર નથી. એટલું જ કહેવું બસ છે કે મ્હોટા ભાગનાં સ્થાનિક મંડલોમાં હજી સરકારથી નીમાએલા સભાસદોની વધુ સંખ્યા છે અને જયાં ચુંટાએલા સભાસદોની વધુ સંખ્યા છે ત્યાં પણ–અમુક અપવાદ શિવાય–અમલદારોનો અંકુશ મજબૂત છે. ઉપરાંત ત્હેમનાં કાર્યનો મુખ્ય આધાર સરકારની ગ્રાન્ટ ઉપર છે–જે ગ્રાન્ટ વધતા ઘટતા પ્રમાણમાં કંજુસપણે આપવામાં આવે છે.

પ્રાન્તિક અને વડી સરકાર તરફ નજર કરતાં જણાય છે કે કારોબારી મંડળમાં એક હિન્દી સભાસદ હવે છેલ્લાં થોડાં વર્ષથી સરકાર તરફથી નીમાય છે. આ પસંદગી કવચિત્ સારી અને સાધારણ રીતે અનિષ્ટ પ્રકારની હોય છે. પરન્તુ સારામાં સારો હિન્દી સભાસદ પણ નીમાય ત્યારે પ્રજાને તે જવાબદાર ન

હોવાથી પ્રજામતથી બંધાતો નથી. ઉપરાંત ત્હેનો અવાજ બીજા અનેક અમલદારોના નાદમાં ઢંકાઇ જવાનો સંભવ હમેશાં રહે છે.

પ્રાન્તિક ધારાસભામાં હાલ બિનઅમલદારી સભાસદોની સંખ્યા વધુ છે પણ પ્રજાથી ચુંટાએલા સભાસદોની સંખ્યા કમી છે. બાકીના સરકારે નીમેલા સજ્જનો--રાજાઓ અને રાવ સાહેબો સાધારણ રીતે સરકારના મતને સંમતિ આપવામાં જ પોતાનો ધર્મ સમજે છે. વડી ધારાસભામાં તો અમલ દારોની સ્પષ્ટ રીતે વધુ સંખ્યા છે કે જેથી પ્રજાકીય ઠરાવ બધુ મતે પસાર થવાનો સંભવ પણ રહેતો નથી. આ બન્ને સભાઓના સંબંધે પંડિત મદન મોહન માલવીઆએ છેલ્લી કૉંગ્રેસમાં ઘણા લાગણીભર્યા શબ્દોમાં પોતાના લાંબા અનુભવને ઉદ્દેશીને જણાવ્યું હતું કે ત્હેમાં જયાં સુધી ચુંટાએલા સભાસદોની વધુ સંખ્યાને સ્થાન મળશે નહિ ત્યાં સુધી કંઈ પણ મ્હોટા પ્રજાકીય સુધારાની આશા વ્યર્થ છે. પ્રજાના અતિશય બાહોશ પ્રતિનિધિઓ આવશ્યક સુધારાની નરમમાં નરમ દરખાસ્ત મૂકશે, પણ સરકાર ત્હેને સહેલાઇથી નપાસ કરી શકશે. ઉપરાંત ધારાસભાઓની હાલ સત્તા એટલી સંકુચિત છે કે કોઇ પણ ઠરાવ સરકાર સ્વીકારે તો પણ ત્હેનું વજન થોડું જ છે. અંદાજપત્ર ધારાસભાને જાહેર જ કરવામાં આવે છે પણ ત્હેના ઉપર સભાના મત લેવાતા નથી--જયારે નાણાં ઉપર અંકુશ રાખવાની સત્તા દુનિયાની સર્વ ધારાસભાઓનું મુખ્ય શસ્ત્ર ગણાય છે.

આ ઉપરાંત આપણે લક્ષમાં રાખવું જોઇએ કે સમગ્ર હિન્દી સરકારની રાજનીતિ અને અમલ ઉપર હિન્દી વજીરનો અંકુશ છે. તે વજીરની સભામાં થોડાં વર્ષથી બે હિન્દીઓ નીમ-

વામાં આવ્યા છે. પરન્તુ તે સભા મુખ્યત્વે કરીને વજીરને સલાહ આપવાને જ નીમવામાં આવે છે અને ત્હેમાં પણ અમલદારોની વધુ સંખ્યા છે. એટલે હિન્દી રાજ્ય ઉપર ઇંગ્લંડની સત્તાના પ્રત્યક્ષ પુરાવા શિવાય આ સમગ્ર વ્યવસ્થા શી ઉપયોગી ગરજ સારે છે એ સમજવું મુશ્કેલ છે.

સ્વરાજ્ય શા માટે?

બ્રિટિશ રાજતંત્રે કેટલા હક હિન્દીઓને આપ્યા નથી અને ત્હેમની સ્થિતિ સુધારવામાં તે કેટલું પછાત પડ્યું છે તે આપણે જોયું. તેમ આ અપમાનકારક અને અસહ્ય સ્થિતિમાંથી બ્હાર નીકળવાને હિન્દને કેટલી રાજકીય સત્તા આપવામાં આવી છે તે પણ આપણે જોયું. ઇતિહાસના સમગ્ર પ્રદેશમાં, થોડા જ દેશ આવી તરેહવાર, બિનકુદરતી અને અધોગતિકારક સ્થિતિમાં મૂકાયા હશે. આપણાં હથીઆર ઉતર્યાં અને લશ્કરના માર્ગ આપણને બંધ થયા તેથી પ્રજા અશક્ત અને નિર્બલ થઈ; જુના હુન્નરો તૂટી ગયા, અને નવા ઉદ્યોગોને ઉત્તેજન ન મળ્યું એટલે પ્રજા નિર્ધન થઈ; ખેતીવાડી—જે ત્હેનો એક જ આધાર રહ્યો—તે વારંવાર પડતા દુષ્કાળના ત્રાસથી અને આકરા મહેસુલથી, ખેડુતોને સુખરૂપ થવાને બદલે ભારરૂપ—કવચિત્ અસહ્ય લાગે છે; ઉંચી નોકરીનાં દ્વાર એક પાસ હિન્દીઓ સ્હામે બંધ થયાં તો બીજી પાસથી ત્હેના પગાર અમેરિકા, જાપાન અને ખુદ ઈગ્લાંડનાં કરતાં વધારે આંકવામાં આવ્યા છે, એટલે ઓછા થએલા ધનનો વધારે ને વધારે હિસ્સો પરદેશ જાય છે; બીજી પાસ શારીરિક અને માનસિક ઉન્નતિનાં સાધનો કીડીને વેગે પ્રગતિ પામે છે; અને આ સર્વથી પણ જે વધારે અસહ્ય લાગે છે તે એ કે પ્રજાની જીભ અને કલમ ઉપર

અર્થાત મન ઉપર એવા સખ્ત અંકુશ મુકવામાં આવ્યા છે—મનુષ્ય હૃદયના સામાન્ય હુક ઉપર એવાં અટપટાં બંધનો મુકવામાં આવ્યા છે કે જેથી સમગ્ર રાજ્ય હિન્દીવાનોના જીવનવિકાસને પ્રતિબંધરૂપ બને છે.

જો વ્યાધિ ગંભીર હોય તો ત્હેનો ઉપાય પણ સીધો અને સચોટ હોવો જોઇએ. હવે આપણો એવો મકકમ અભિપ્રાય થયો છે કે બ્રીટીશ સામ્રાજ્યના સેવક તરીકે નહિ, પણ મિત્ર તરીકે પદ્બી હિન્દને મળવી જ જોઇએ અને બ્રીટીશ સામ્રાજ્યનાં સંસ્થાનો જેવું સ્વરાજ્ય આપણને મળવાથી જ દેશમાં આબાદાની અને સુખ ફરી ફેલાશે. દેશના વતનીઓ જ્યારે બ્રિટનની સહાયથી રાજતંત્રનું સુકાન હાથ ધરશે ત્યારે જ ત્હેમના કપાલ ઉપર લાગેલી અનેક કાલી લીટીઓ ભુસાશે અને શારીરિક શક્તિથી અને આર્થિક આબાદાનીથી માનસિક પ્રતાપથી અને નૈતિક શૌર્યથી હિન્દ ફરીથી જગત્ના દેશોમાં માનભર્યું સ્થાન લેશે.

હિન્દને તેમ જ ઇંગ્લંડને આ વ્યવસ્થાથી અનન્ય લભ થશે. હિન્દ વધારે ધનવાન થતાં બન્ને દેશ વચ્ચે વેપાર ઘણો વધશે–હિન્દ ઇંગ્લંડનો વધારે માલ લેશે અને ઇંગ્લંડ હિન્દમાંથી વધારે સુન્દર સામાન અને કાચો માલ મેળવશે. હિન્દના ઉત્તમ હુક સિદ્ધ થશે અને ત્હેનું અન્તકરણ સંતોષાશે એટલે જે દારૂણ અવિશ્વાસ હાલ અનેક અનર્થો ઉપજાવે છે તે જડમુળ નાશ પામશે. હિન્દવાસીઓ પોતાના દેશની આન્તર વ્યવસ્થા ઇંગ્લંડની દેખદેખ નીચે પણ સ્વતંત્રપણે કરશે અને સામ્રાજયની સભામાં દાખલ થઈ દેશપરદેશની વિશાળ રાજનીતિ વિચારવામાં સહાય આપશે. બન્ને દેશ વિદ્યાકળાના તેમજ

ધર્મ તત્વજ્ઞાનના ઉચ્ચ ક્ષેત્રોમાં સહકાર કરશે અને પુર્વ પશ્ચિમના સંયોગનું ઉત્તમ પરિણામ જગતને બતાવશે. આમ ઈંગ્લંડ અને હિન્દનો સુયોગ હેમને અને આખા જમાનાને લાભદાયક થશે.

પણ આર્થિક અને રાજકીય દલીલો ઉપર જ સ્વરાજ્યની માગણીનો આધાર નથી. હિન્દ સ્વરાજ્ય માગે છે કારણ કે વ્યક્તિની સ્વતંત્રતા અને રાષ્ટ્રીય સ્વરાજય એ સુધરેલી આલમના મંત્ર છે, અને જે સુધરેલા સામાજ્યને તાબે હિન્દ છે હેમાં મ્હોટા સસ્થાનોને સ્વરાજ્ય મળેલું છે; હિન્દ સ્વરાજ્ય ચાહે છે કારણકે પ્રાચીન કાળમાં અને પછીના જમાનામાં હિન્દે સ્વરાજ્યમાં જે માનસિક ઉન્નતિ અને સાંસારિક જાહોજલાલી ભોગવી છે હેનું તે પુનર્જીવન કરવાને તલસે છે; અને વધારામાં જે પવિત્ર અને દૈવી ભાવનાઓ, હેને પ્રાચીન સુધારાના કીમતી વારસા રૂપે મળી છે તે સ્વરાજ્ય સ્થપાતાં જ સિધ્ધ થશે અને સમગ્ર જગતમાં હિન્દી સૂર્યના તેજસ્વી કિરણ રૂપે ઝગમગશે.

હિન્દવાસીઓનું પરમ સાધ્ય આધ્યાત્મિક મોક્ષ છે. પરન્તુ સાંસારિક સ્વતંત્રતા શિવાય આત્માનો પરમ વિકાસ અશકય છે અને તે સ્વતંત્રતા અર્થેજ હિન્દ બ્રિટન પાસે સ્વરાજ્યનો હક રજુ કરે છે.

યંગ ઈન્ડીયા.

ઇંગ્રેજી અઠવાડીક પત્ર.

હિન્દ સ્વરાજ્ય માટે ચળવળ કરતું
રાજકીય અને સામાજીક સુધારણાનું પત્ર
વાર્ષિક લવાજમ રૂ. ૫-૦-૦

તંત્રી અને પ્રકાશક.
જમનાદાસ દ્વારકાદાસ બી. એ.
૩૪ ચોપાટી રોડ, મુંબાઈ.

નવજીવન

અને

સત્ય

નવા જમાનાના વિચારો અને ભાવનાઓ
પ્રસારતુ માસિક.

વાર્ષિક લવાજમ રૂ. રા. પુસ્તકશાલાઓ, ગુજરાતી નિશાળ
શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે રૂ. ૧-૧૧-૦.
હિન્દુસ્થાનની બ્હાર ૨-૮-૦.

તંત્રી અને પ્રકાશક.
ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક. બી. એ. એલ એલ્. બી.
સર્વન્ટ્સ્ ઑફ ઇન્ડિયા સોસાઈટી, ગીરગામ-મુંબઈ.